# પત્રક ભાગ–૩

# પંદરમી ગુજરાત વિધાનસભા

**શનિવાર, ૨૯ નવેમ્બર ,૨૦૨૫**

## ૩૪૦.અંદાજ સમિતિની બેઠક:–

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી. સમિતિની આ બેઠકની શરૂઆતમાં સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી તરીકે શ્રી વિનોદભાઈ મોરડીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ સમિતિએ ઉક્ત બેઠકમાં વન અને પર્યાવરણ વિભાગના તા.૨૫/૦૯/૨૦૨૫ના રોજ આ સચિવાલયને મળેલ મૂળ સાહિત્યની તા.૦૪/૧૧/૨૦૨૫ની બેઠકમાં અધૂરી રહેલ તપાસ હાથ ધરી હતી.

ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત આવતી જુદી–જુદી કામગીરી તેમજ વિભાગના મહેકમમાં ભરાયેલ અને ખાલી રહેલ જગ્યાઓ અંગે માહિતી મેળવી હતી. જેમાં ફોરેસ્ટ ગાર્ડની ભરતી, વન વિસ્તારમાં ખેડૂતોને ખુલ્લા કૂવાની દિવાલ તેમજ ખેડૂતોના રક્ષણ માટે માંચડા બનાવવાની યોજના,પર્યાવરણ જાળવણી, પ્રદૂષણ નિયંત્રણ, ગ્રીન કવર, ફોરેસ્ટ કવર અને ટ્રી કવર વિસ્તાર, મિયાંવાકી પદ્ધતિ, જંગલ વિસ્તારમાં નદી–નાળા, ડેમ, ચેકડેમમાંથી કાંપ દૂર કરવો વગેરે અંગે વિસ્તૃત ચર્ચા કરી અને વિભાગની તપાસ પૂર્ણ કરી હતી.

સમિતિની બેઠક બપોરના ૦૧–૪૨ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**